ગુજરાત રાજ્ય બિનઅનામત વર્ગોનુ આયોગને

ખાતાના વડા જાહેર કરવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ **SJED/MSM/e-file/17/2022/0043/A Section**
સચિવાલય,ગાંધીનગર.

વંચાણે લીધાઃ-

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૧/૧૧/૨૦૨૨ નો સરખા ક્રમાંકનો ઠરાવ.

(૨) નાણાકીય સત્તા (સોંપણી) નિયમો, ૧૯૯૮.

(૩) ગુજરાત રાજ્ય બિનઅનામત વર્ગોનું આયોગનો તા.૨૦/૧૦/૨૦૨૩નો પત્ર ક્રમાંકઃ **GSCUC/0009/10/2023**

ઠરાવઃ

આ વિભાગના વંચાણે લીધા ક્રમાંક (૧) ના તા.૧૧/૧૧/૨૦૨૨ ના ઠરાવથી ગુજરાત રાજ્ય બિન અનામત વર્ગોનું આયોગના સભ્ય સચિવશ્રીને તા.૧૧/૧૧/૨૦૨૨ થી એક વર્ષ માટે ખાતાના વડા જાહેર કરવા કરવામાં આવેલ છે. ઉપરોક્ત મુદત પૂર્ણતાને આરે હોઇ, આયોગ દ્વારા વંચાણે લીધા ક્રમાંક (૩) ના તા.૨૦/૧૦/૨૦૨૩ ના પત્રથી ગુજરાત રાજ્ય બિન અનામત વર્ગોનું આયોગના સભ્ય સચિવશ્રીની ખાતાના વડા તરીકેની મુદત વધુ એક વર્ષ લંબાવવા માટે દરખાસ્ત કરવામાં આવેલ છે.

આથી, પ્રસ્તુત બાબતે સક્ષમ કક્ષાએ થયેલ પુખ્ત વિચારણાને અંતે, ગુજરાત રાજ્ય બિનઅનામત વર્ગોનું આયોગના સભ્ય સચિવશ્રીની ખાતાના વડા તરીકેની મુદત તા.૧૧/૧૧/૨૦૨૩ થી વધુ એક વર્ષ માટે આથી લંબાવવામાં આવે છે.

આ ઠરાવ વંચાણે લીધા ક્રમાંક (૨) પરના નાણાંકીય સત્તા (સોંપણી) નિયમો, ૧૯૯૮ ના નિયમ-૮ અન્વયે સક્ષમ કક્ષાએથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

eSign
Signed by: KALPANABEN VIPULKUMAR RANA
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 09-Nov-2023 (04:37 PM)

(કલ્પના રાણા)
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- સભ્ય સચિવશ્રી, ગુજરાત રાજ્ય બિન અનામત વર્ગોનું આયોગ, એ-૨ વિંગ, છઠ્ઠો માળ, બ્લોક નં.૧, કર્મયોગી ભવન, સેક્ટર-૧૦-એ, ગાંધીનગર.

- નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ, બ્લોક નં.૪/૩, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/ રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, ઝ શાખા, નાણા વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજરશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગર તરફ- સદર ઠરાવ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા વિનંતીસહ.
- ના.સે.અ. સિલેકટ ફાઈલ.
- શાખા સિલેકટ ફાઈલ.

eSign
Signed by: KALPANABEN VIPULKUMAR RANA
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 09-Nov-2023 (04:37 PM)


Open the document in Adobe Acrobat DC to verify the E-sign